## પ્રેસનોટ:-

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેર તેમજ તેનાં આજુબાજુ વિસ્તારોમાં જાહેર પરિવહનની સેવા પૂરી પાડવામાં આવે છે. જે અંતર્ગત હાલમાં કુલ ૧૨ બી.આર.ટી.એસ રૂટ અને ૪૪ સીટીબસ રૂટ ઉપર કુલ ૧૬૬ એ.સી અને ૫૭૫ નોન-એ.સી બસો ચલાવવામાં આવે છે. હાલમાં કુલ ૨.૭૫ લાખથી વધૂ મુસાફરો શહેરની બસ બસ સેવાનો ઉપયોગ કરી રહેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા ચલાવવામાં આવતી બસ સેવામાં ફેરકલેક્શનની કામગીરી માટે વિવિધ એજન્સીઓને ઈજારો આપવામાં આવેલ છે. પેસેન્જરો દ્વારા ટીકીટ ન લેવાનાં અને કંડકટરો દ્વારા પૈસા લઈ ટીકીટ ન આપવા કિસ્સાઓ વખતો-વખત ધ્યાનમાં આવતા હોય છે. આવા કિસ્સાઓ ધ્યાને આવ્યેથી પેસેન્જરો દ્વારા ટીકીટ ન લીધેલ હોય તો તેવા કિસ્સામાં પેસેન્જરને રૂ.૧૦૦/- નાં દંડની જોગવાઈ કરવામાં આવેલ છે તેમજ ફેરકલેક્શન એજન્સીઓને રૂ.૨૫૦/- પ્રતિ પેસેન્જરની પેનલ્ટી કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા છેલ્લા નવ માસમાં કુલને ૨૭ હજારથી વધુ પેસેન્જરો ટીકીટ વગરનાં પકડવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા ટીકીટ ચેકીંગની કામગીરી ખૂબ જ સઘન બનાવવામાં આવેલ છે અને મા.કમિશનરશ્રી અને ચેરમેનશ્રી-SSLનાં આદેશાનુસાર કોઇપણ બસમાં એક કે તેથી વધુ પેસેન્જર વિના ટીકીટ પકડાય તો પેસેન્જર પેનલ્ટી ઉપરાંત લાગત ફેર કલેક્શન એજન્સીને બસની સીટીંગ કેપેસીટી મુજબની પેનલ્ટી વસુલ કરવાનું ડિસેમ્બર માસથી શરૂ કરવામાં આવેલ છે. જે મુજબ ડિસેમ્બર માસમાં સીટીબસમાં ફેર કલેક્શનની કામગીરી કરતાં વિશ્વ એન્ટરપ્રાઈઝ ને રૂ.૧૯ લાખ, આકાર એચ.આર. મેનેજમેન્ટ પ્રા.લી ને રૂ.૧૫ લાખ, સુકાની એચ.આર.મેનેજમેન્ટ પ્રા.લીને રૂ.૧૧ લાખ અને એમ.જે સોલંકીને રૂ.૧૦ લાખથી વધુની પેનલ્ટી કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા ટીકીટ ચેકીંગની કામગીરી વધુ સઘન બનાવવાનાં ભાગ રૂપે મા.કમિશનરશ્રી દ્વારા સુરત મહાનગરપાલિકાના વર્ગ-૧ નાં તમામ અધિકારીઓ જેવાકે સીટી ઈજનેર/ડે.કમિશનર/એડી.સીટી ઇજનેર/આસી.કમિશનર/કાર્યપાલક ઇજનેર/વિજીલન્સ વિભાગ તેમજ સીટીલીંક બોર્ડનાં ડીરેકટરોને પણ બસ ચેકીંગ કરવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

બી.આર.ટી.એસ./સીટી બસમાં મુસાફરી કરતા નગરજનોએ ટીકીટ લેવી ફરજીયાત છે, વિના ટીકીટે મુસાફરી કરવી મોટર વ્હીકલ એક્ટ-૧૯૮૮ મુજબ દંડનીય અપરાધ છે અને જો વિના ટીકીટે મુસાફરી કરતા પકડાશે તો પેનલ્ટીની વસુલાત કરવામાં આવશે. આથી તમામ મુસાફરોને ફરજીયાત ટીકીટ લેવાનો આગ્રહ રાખવા જણાવવામાં આવે છે. જો કોઈ ફરીયાદ હોયતો ટોલ ફ્રી નં-૧૮૦૦ ૨૩૩ ૦૨૩૩ પર ફોંન કરવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૬૯૩
તા. ૦૧/૦૨/૨૦૨૦